# પૂજ્યશ્રી
# બ્રહ્મચારીજીના
# જન્મ જયંતી પદો
# તથા
# દેહોત્સર્ગના
# વિરહ પદો

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

જન્મ– જન્માષ્ટમી, શ્રાવણ વદ ૮ વિ. સં. ૧૯૪૫

દેહોત્સર્ગ– કાર્તિક સુદ ૭ વિ. સં. ૨૦૧૦


# પૂ. શ્રી બ્રહ્મચારીજીના

# જન્મ જયંતી પદો

# તથા

# દેહોત્સર્ગના વિરહ પદો

‘ઉપકારીકો નહીં વીસરીએ,
યેહિ ધર્મ અધિકાર.’



પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર



પ.પૂ. પ્રભુશ્રીજી



પ.પૂ. બ્રહ્મચારીજી

# અનુક્રમણિકા



| | પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના જન્મજયંતી પદો | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | હે કૃપાળુ પ્રભુ! આપજો આટલું | પૂ. શ્રી બ્રહ્મચારીજી | ૫ |
| ૨. | સહજ જગ વિરાટ લસતું | શ્રી શાંતિભાઈ પટેલ | ૭ |
| ૩. | પૂજ્યશ્રી જનમ્યા જન્માષ્ટમીએ | શ્રી પારસભાઈ જૈન | ૮ |
| ૪. | જન્મ જયંતી આજ રે! | શ્રી જિતેન્દ્રભાઈ શાહ | ૯ |
| ૫. | શતાબ્દી બ્રહ્મવિભૂતિની | શ્રી શાંતિભાઈ પટેલ | ૧૦ |
| ૬. | પ્રભુ પદ ભક્તિ વૃંદાવન | શ્રી શાંતિભાઈ પટેલ | ૧૧ |

| | પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગના વિરહ પદો | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | કૃપાળુની કૃપા ધારી | પૂ. શ્રી બ્રહ્મચારીજી | ૧૨ |
| ૨. | ધર્મરાત્રિ | પૂ. શ્રી બ્રહ્મચારીજી | ૧૨ |
| ૩. | સમાધિ સપ્તમી આજે રે | શ્રી શાંતિભાઈ પટેલ | ૧૩ |
| ૪. | નહિ વીસરું રે ઉપકાર તારો | શ્રી સુમેરભાઈ | ૧૫ |
| ૫. | નમીએ સુઉપકારો સ્મરી | શ્રી ૐકારભાઈ | ૧૬ |
| ૬. | ‘ઉપકારીકો નહીં વીસરીએ’ | શ્રી પારસભાઈ જૈન | ૧૬ |
| ૭. | આંસુ ગિર ગિર જાતે હૈ | પંડિત શ્રી ગુણભદ્રજી | ૧૯ |
| ૮. | એ તો પ્રભુજી! | શ્રી સાકરબેન | ૨૦ |
| ૯. | સ્વીકારો અંજલી સૌની | શ્રી શાંતિભાઈ પટેલ | ૨૨ |
| ૧૦. | સુબોધ–સ્મરણાંજલિ | શ્રી ૐકારભાઈ | ૨૩ |



| પ્રકાશક | વિ. સં. | ઈ. સ. | પ્રત |
|---|---|---|---|
| મુમુક્ષુ | ૨૦૭૦ | ૨૦૧૪ | ૨૦૦૦ |

મુદ્રક : કાવ્ય પ્રિન્ટર્સ, અમદાવાદ, મોબાઈલ નં. ૯૮૨૫૬૭૯૭૯૬



## પ.પૂ.બ્રહ્મચારીજી

જન્મ : બાંધણી
વિ.સં. ૧૯૪૫ જન્માષ્ટમી, રવિ

દેહવિલય : આશ્રમ, અગાસ
વિ.સં. ૨૦૧૦, કાર્તિક સુદ ૭

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના

# જન્મ જયંતી પદો

(રાગ– આજ ગુરુરાજને પ્રણમી અતિ ભાવથી, યાચના શુદ્ધતાની કરું છું)

## હે કૃપાળુ પ્રભુ ! આપજો આટલું

( પ્રભાતિયું )

હે કૃપાળુ પ્રભુ! આપજો આટલું,
અન્ય ના આપની પાસ યાચું,
સત્ય નિર્ગ્રંથતા, એક નિર્મલ દશા,
શુદ્ધ ચૈતન્યતા ના ચૂકું હું,
સકળ સંસારમાં સાર કંઈ હોય તો
ધ્યેય આ આટલો અચલ ધારું,
આપને આશ્રયે, જન્મજંજાલને
છેદી નિશંક નિર્દોષ થાઉં. હે કૃપાળુ..૧

સ્વપર ચિંતા કરી ચિત્ત ચંચલ રહે,
ના ઠરે ધર્મનો મર્મ ધારી,
દૃષ્ટિ મિથ્યા વળી જ્ઞાન મિથ્યા તથા
તેવી પ્રવૃત્તિમાં વૃતિ મારી,
તેહને ટાળીને સત્ય દર્શન અને
જ્ઞાન સમ્યક્ તથા વિરતિ ધારું,
દોષને ટાળીને ગુણને ધારીને,
વિનયથી પુષ્ટતા નિત્ય પામું. હે કૃપાળુ..૨

કામ ક્રોધાદિ નિર્મૂલ જેથી બને
આપના બોધથી પ્રશમ પામું,
સર્વ અભિલાષનો નાશ કરી મોક્ષની
એક આશા સદા ઉર ધારું,
કાલ અનંતથી કર્મ કુટી રહ્યો,
તે થકી થાકી નિર્વેદ વેદું,
આપ સમ સંતની વાણીમાં લીનતા,
સાથ આસ્થા ધરું ઉરમાં હું. હે કૃપાળુ..૩

આમ, આત્મા તણી ઘાત થતી ટાળવા,
સર્વ પ્રત્યે દયા શુદ્ધ ધારું,
કાલ કળિ છે, રહું ચેતતો નિત્ય હું,
સ્વામી ભક્તિ વિષે ચિત્ત મારું,
દુઃખ-સુખ વાદળાં શ્વેત ને શામળા,
કલ્પના રૂપ ના કોઈ સાચું,
આપની જ્યાં કૃપા મુજ મનમાં વસી,
શુદ્ધ ધ્યાને અહોનિશ રાચું. હે કૃપાળુ..૪

—પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

# સહજ જગ વિરાટ લસતું

(શિખરીણી છંદ– નમું ભક્તિભાવે, ઋષભ જિન શાંતિ અઘહરો)

પ્રભો, તારે જ્ઞાને સહજ જગ વિરાટ લસતું,
પ્રભો, તારે ધ્યાને મન પરમ યોગીનું વસતું,
પ્રભો, તારે પાદે હૃદય ઢળતું ભક્તજનનું,
પ્રભો, તારે નામે દુરિત બળતું દુષ્ટ જનનું...૧

નવાઈ તેની કૈં મમ તરલ ચિત્તે ન લસતી,
નવાઈ! સંતોની પરમ સરલા મૂર્તિ વસતી,
ઉરે સારે મારે, તવ સકળ વિભૂતિ ઝીલતી,
સુધા-જ્યોત્સના જેને વિમલ નયને દિવ્ય ખીલતી...૨

અને યોગી-ચિત્તે ધૃતિ મરજીવાની વિતરતી,
કૃપા સંતોની એ પતિત-ઉર શ્રદ્ધા જગવતી,
અને શ્રદ્ધાળુને ઉર પરમ ભક્તિ ખિલવતી,
નવાઈ સાચી એ, જીવ-શિવતણા ભેદ હરતી...૩

અહો! અંશે શાતા થકી પૂરણ સિદ્ધિ ય સુધીની,
સમાધિ સર્વેનું સત્પુરુષ છે કારણ ખરું,
છતાં કૈં ના સ્પૃહા ઉર ગરવ કે ગારવ નથી,
નથી વા ઉન્મત, નવ જરીય પોતાપણું ધર્યું...૪

પ્રભો એવા સંતો સરળ અતિ તારાથી અદકા,
કૃપાળુ, દેતા એ તવ શરણ, આશ્ચર્ય પ્રતિમા!
'સ્મૃતિથી સંતોની સકલ દુઃખના કારણ ગલે,
સદા સેવા ચાહું સમીપ વસવા સંત-પગલે'...૫

## પૂજ્યશ્રી જનમ્યા જન્માષ્ટમીએ

(રાગ— લાગ્યો લાગ્યો ભક્તિનો મને રંગ લાગ્યો)

આજે જનમ્યા ગોવર્ધન ગિરધારી,
ગુરુરાજની આણા શિરધારી,
એના રોમે રોમે ગુરુરાય...ગોવર્ધન ગિરધારી
ઉપકારો એના ન ભુલાય...ગોવર્ધન ગિરધારી ૧

ગુરુમંત્ર દઈ અમ દુઃખ ટાળ્યા,
આત્માર્થે જીવન અજવાળ્યા,
ગુરુભક્તિમાં અમને વાળ્યા,
એ તો કૃપાતણો અવતાર...ગોવર્ધન ગિરધારી ૨

મળ્યા મળ્યા ગોવર્ધન ગિરધારી,
પ્રભુશ્રીએ નામ આપ્યું બ્રહ્મચારી,
ગુરુરાજ વાણીને અવધારી,
એ તો રમે સદા બ્રહ્મમાંય...ગોવર્ધન ગિરધારી ૩

મળ્યા સંત સલુણા ઉપકારી,
એની શિક્ષા આત્માને હિતકારી,
ગુરુભક્તિ બતાવી કલ્યાણકારી,
એ તો ખરો મોક્ષ ઉપાય...ગોવર્ધન ગિરધારી ૪

પ્રભુ પરમકૃપાળુને નમું,
વળી નમું સંત લઘુરાજ રે,
ઉપકારી ગોવર્ધન ગુણ નમું,
મારા મોક્ષ કાજે ભવિ આજ...ગોવર્ધન ગિરધારી ૫

ફરી જન્મ જયંતી આવી ગઈ,
સ્મૃતિ આપની આજે તાજી થઈ,
આત્મજ્યોતિ પ્રગટાવો અંતરમહી,
જેવો આપે કર્યો પ્રકાશ...ગોવર્ધન ગિરધારી ૬

---

## જન્મ જયંતી આજ રે!

(રાગ— દયા દિલમાં લાવી, મોક્ષની ચાવી....)

અતિ ઉલ્લાસકારી, કુકર્મદારી, જન્મ જયંતી આજ.
ચારુતરમાં બાંધણી ગામે, શ્રી બ્રહ્મચારીજી આપ;
શ્રાવણ વદી આઠમ દિને રે,
જન્મ્યા જયંતી આજ રે... અતિ ઉલ્લાસકારી૦ ૧

પ્રભુ-વિયોગી મુમુક્ષુઓને, થયો મોટો આધાર;
મંત્ર-દીક્ષા ને જ્ઞાનદાનથી,
કર્યો અતિ ઉપકાર રે... અતિ ઉલ્લાસકારી૦ ૨

સમ્યક્ દર્શન પ્રાપ્તિ પોષણ, પર્વ દિનોમાં થાય,
એવું ઉત્તમ પર્વ પામીને,
ભક્તિ લહાવો લૂંટાય રે... અતિ ઉલ્લાસકારી૦ ૩

કાલી ઘેલી ભક્તિ મારી, સ્વીકારજો હે નાથ!
ત્રણે લોકમાં જ્યાં બેઠા ત્યાં,
પહોંચે મારા પ્રણામ રે... અતિ ઉલ્લાસકારી૦ ૪

---

# શતાબ્દી બ્રહ્મવિભૂતિની

(ગઝલ)

(રાગ– શતાબ્દી સંત સલૂણાની, ઉજવતાં હર્ષ ના માયે)

શતાબ્દી બ્રહ્મવિભૂતિની, શતાબ્દી બોધિ-નિધિની,
પરમકૃપાળુની કૃપા વહો, સહજાત્મ-સ્વરૂપિણી...૧

મહાવીર આ કલિયુગના, કૃપાળુ રાજ રાજેશ્વર,
સહજ સ્વરૂપે સુહાવે હો ! શતાબ્દી બ્રહ્મવિભૂતિની...૨

અહો ! શત શત દીપક નેંને પ્રગટ જ્ઞાનાવતારીને,
સ્ફૂરાવે ઉર ભક્તિએ, શતાબ્દી બોધિ-નિધિની...૩

પુનિત 'સત્-શીલ' લઘુરાજે સુહાવ્યાં બ્રહ્મવ્રત અર્પી,
ઉજાલે ભવ્ય અંગાંગે શતાબ્દી બ્રહ્મવિભૂતિની...૪

પ્રગટ આત્મા સમા મંત્રે પૂરણ સહજાત્મરૂપ લબ્ધિ,
મુમુક્ષુ-ઉરમાં ધારે શતાબ્દી બોધિ-નિધિની...૫

અહો ષટ્દર્શના દૃષ્ટિ 'સહજ' શ્રી આત્મસિદ્ધિ શી !
પ્રભુ કલ્યાણ કે પ્રોજ્જવલ શતાબ્દી બ્રહ્મવિભૂતિની...૬

પ્રગટ પ્રજ્ઞાવબોધે જો કૃપાળુ પુષ્પ-પુષ્પેથી,
સ્ફૂરે ભક્તિ સુઆશિષો શતાબ્દી પ્રજ્ઞ-પુરુષની ...૭

દીપોત્સવી શાં પુનિત પર્વે સમાધિ-સપ્તમી-દીક્ષિ,
ત્રિવિધ મંત્રે સમાધિ શી ! શતાબ્દી સમાધિ-નિધિની...૮

લહો જન્માષ્ટમીએ સૌ યુગોયુગનાં સુભગ સંચિત,
કૃપાળુની કૃપાસિદ્ધિ સુકલ્યાણક શતાબ્દીએ...૯

---

# પ્રભુ પદ ભક્તિ વૃંદાવન

(ગઝલ)

(રાગ— શી સુંદર દિવ્ય એ જ્યોતિ! સ્વપરનાં સૌ દૂષણ ધોતી)

કૃપાળુ-પ્રિય ચારુતર, ભૂમિ પાવન કરી આપે,
ધરીને જન્મ કલ્યાણક કરી જન્માષ્ટમી આપે...૧

ભવોભવનાં બધાં સંચિત કરેલા પુણ્ય-સલિલો તે,
પ્રભો ! બાંધી પુરંદર શા, ઉમટિયા બાંધણી તીર્થે...૨

બધા બંધન નિકંદન હો, થતાં શ્રી બાંધણી તીર્થે,
અહો! બાંધી ગઠરિયાં સૌ, નિપટ પટકી જનમ તીર્થે...૩

કૃષિક-કુમાર ધુરંધર જે બન્યા વિદ્યા-ધુરંધર તે,
થયા તે ધર્મ ધુરંધર સહજ સ્મરણે પ્રભુ ચરણે...૪

મહાવીર શ્રી કૃપાળુના શ્રી ગૌતમ સમ પ્રગટ પ્રભુશ્રી,
સમાધિ-બોધિ-આનંદે ત્રિમૂર્તિ 'બ્રહ્મવિભૂતિ'ની...૫

અહો શ્રી રાજ-રાજેશ્વર પ્રભુશ્રી પાર્શ્વ બિરાજે,
પ્રભુ પ્રાસાદ 'આજ્ઞાંકિત' તીરથ શ્રી બાંધણી રાજે...૬

શ્રી ગોવર્ધન-ધરે જન્મભૂમિ તે હો પતિત-પાવન,
સહજ સૌ મુક્તિગામીને પ્રભુ પદ ભક્તિ વૃંદાવન...૭

---

પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના

# દેહોત્સર્ગના વિરહ પદો

## કૃપાળુની કૃપા ધારી

(કવાલી)

કૃપાળુની કૃપા ધારી, બનીશું પૂર્ણ બ્રહ્મચારી,
સહનશીલતા ક્ષમા ધારી, સજી સમતા નીતિ સારી.

કરીશું કાર્ય સુવિચારી, કષાયો સર્વ નિવારી,
ગણીશું માત પરનારી, પિતાસમ પરપુરુષ ધારી.

જીવીશું જીવન સુધારી, સ્વપરને આત્મહિતકારી,
બનીને અલ્પ સંસારી, ઉઘાડી મોક્ષની બારી.

ખણી કુબોધની ક્યારી, વિચરશું વાસના મારી,
સમર્પી સર્વ સ્વામીને, તરીશું સર્વને તારી.

—પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

---

## ધર્મરાત્રિ

યાત્રાની અંતિમ રાત્રિએ, જાગ્રત ભાવ જણાયો રે,
માંગલિક શુભ અધ્યવસાયે, અંધકાર ગમાયો રે.

ધર્મ ધ્યાન જે શ્રેયરૂપ છે, શ્રેષ્ઠ જ્યેષ્ઠમાં સાધ્યું રે,
છઠ્ઠીરાત્રિ કૃષ્ણ પક્ષની, બ્રહ્મચર્ય બળ વાધ્યું રે.

ગૌરી પૂજામાં કરે જાગરણ, કુમારિકા વ્રત ધારી રે,
લૌકિક રૂઢ રિવાજ ભૂલી આત્માર્થે નિંદ નિવારી રે.

સ્મૃતિ આત્મસિદ્ધિની ધારી, સદ્ગુરુ સદા ઉપકારી રે,
જ્યા જ્યાં જે જે યોગ્ય જણાવે તે આતમ-હિતકારી રે.

રમણ રેતીમાં રાસ રમંતાં, સ્મરણ અપૂરવ પામ્યા રે,
ગોપીજન (તો) તે જુગ જ જુદો (એ), સંસાર-સ્મરણ વિરામ્યાં રે.

માતાજીમાં માહાત્મ્ય ઘણું છે, નવરાત્રિનું શાથી રે?
ધર્મધ્યાનમાં કાળ જતાં, નવજીવન આવે આથી રે.

શાંત સુરાત્રિ આત્મહિતમાં, ધર્માત્મા જન ગાળે રે,
તો કળિકાળ નડે નહીં તેને, (આનંદ) બ્રહ્મ અપૂરવ ભાળે રે.

—પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

---

## સમાધિ સપ્તમી આજે રે

(રાગ—મન મંદિર આવો રે, મહા પ્રભુ રાજ ધણી)

સમાધિ સપ્તમી આજે રે મંગલકારી મહા,
સંત સ્મરણા જાગે રે પાવનકારી, અહા!

જેણે અહં મમત્વ ને દુર કર્યું,
જેણે વિશ્વ સમસ્ત કુટુંબ ગણ્યું,
જેણે મહાપ્રભુપદે નિજ સર્વ ધર્યું,

કરી સેવા મહાપ્રભુની રે, ઉલટ અતિ અંગ ધરી,
પ્રભુ આજ્ઞાએ ખંતે રે, સંઘ સેવાય કરી.
સમાધિ સપ્તમી... ૧

જેનાં નેન રાજ પ્રેમ અમીય ભર્યા,
જેનાં અંગ બ્રહ્મતેજ સૌમ્ય વર્યા,
જેના મધુર વચન અતિ મૈત્રી ભર્યા,
એવા સંત સલુણા રે, હતા નૂર અવનિતણું,
તીર્થ સ્થાનોની શોભારે, તે વિણ ન્યૂન-ગણું.
સમાધિ સપ્તમી... ૨

જેણે શ્વાસો શ્વાસે પ્રભુ આદરિયા,
જેને હૈયે ગુરુરાજ સોહી રહ્યા,
જેને રોમ રોમે પ્રભુ પાંગરિયા,
એવા સંત સલુણા રે, હતા ભક્તિ મૂર્તિ-સમા,
બાલ ગોપાલ સર્વેને મુક્તિ પંથે બંધુ સમા.
સમાધિ સપ્તમી... ૩

જેણે આસન મહાપ્રભુ અંકે ધર્યા,
જેના મૌન કૃપાળુના ધ્યાન ઢળ્યાં,
જેના સ્મિત નિરંજન-નેહ ભર્યાં,
એવા સંત સલુણા રે, સમજી શમાઈ રહ્યા,
તજી કાયાની માયા રે, સમાધિ પંથ વહ્યાં.
સમાધિ સપ્તમી... ૪

---

# નહિ વીસરું રે ઉપકાર તારો

(રાગ– મુખડાની માયા લાગી રે મોહન પ્યારા)

વીસરું નહિ નહિ વીસરું રે ઉપકાર તારો.
નિત નિત નિત સમરું રે, ઉપકાર તારો.

ભૂલ્યા ને બતાવ્યો પંથ રાજને કહી ખરા કંત,
મંત્ર દઈ મોક્ષદ ખરું રે ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૧

આગનામાં ધર્મ કહ્યો, રાજની આજ્ઞામાં રહ્યો,
ડહાપણ ને કહીં લફરું રે, ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૨

રાજને સંતે બતાવ્યા, સંત પણ ચાલ્યા ગયા,
હતો તું તે મન ઠર્યું રે, ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૩

તારા સંગે યત્ન વિના, છૂટે સર્વ સંગ જૂના,
હવે તને ક્યાથી લાવું રે, ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૪

ક્ષણ એક સંગ તારો, કાપે ભવોદધિ મારો,
તારા વિના કેમ રહું રે, ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૫

કૃપા નિત્ય રાખો હવે, પ્રભુ બ્રહ્મચારીજી હે!
તારા આદેશોમાં રહું રે, ઉપકાર તારો.
વીસરું નહિ નહિ...૬

## નમીએ સુઉપકારો સ્મરી

(રાગ– હરિગીત : બહુ પુણ્યકેરા પુંજથી)

સ્વચ્છંદ ને પ્રતિબંધ છોડી, સંત સેવા આદરી,
લઘુતા સરળતા ધારી વૃત્તિ, ભક્તિમાં તન્મય કરી,

શાસન દીપાવ્યું રાજનું, માનાદિની તો ગંધ ના,
તે બ્રહ્મચારીજી તણા પાદારવિંદે વંદના,

પ્રભુશ્રીજી બોલ્યા 'મુખ્ય જાણો' બ્રહ્મચારી સોંપણી,
ને 'ધર્મ સોંપુ છું તને' એવું વદ્યા કરુણાધણી,

વીસ દોહરા, યમનિયમ–ત્રોટક છંદ આઠ, ક્ષમાપના,
સમરણ તમારે આપવાં, આપી પ્રભુશ્રી આગના,

આપી ઘણાને મંત્ર દીક્ષા તે જ આજ્ઞા અનુસરી,
તે બ્રહ્મચારીજી પદે નમીએ સુઉપકારો સ્મરી.

---

## 'ઉપકારીકો નહીં વીસરીએ'

(રાગ– આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને)

આવી આવી સપ્તમી આજ, પૂજ્યશ્રી સ્મરવાને,
કર્યો કર્યો અનંત ઉપકાર, ભવજલ તરવાને,

સમાધિમરણના ઉત્સવ સમયે, ઉપકારો ઉભરાય રે,
પ્રતિ ઉપકાર શું પામર જાણે,
શક્તિ નહીં મુજમાંય, ભવજલ તરવાને.૧

સંવત ઓગણીસેં પીસ્તાલીસ બાંધણી ગામ મજાર રે,
જન્મ્યા જન્માષ્ટમી દિને રે,
ગોવર્ધન ગુણધાર, ભવજલ તરવાને.૨

પ્રભુશ્રીના અપૂર્વ મિલનથી, આનંદ થયો અપાર રે,
સકળ વિશ્વને તજ્યું પૂજ્યશ્રી,
મંત્ર દીક્ષા ગ્રહી સાર, ભવજલ તરવાને.૩

સંવત ઓગણીસેં એઠ્ઠ્યાસી, કૃપા કરી લઘુરાય રે,
જેઠ સુદી નવમીના દિવસે,
'ગુરુગમ' આપી ત્યાંય, ભવજલ તરવાને.૪

'આજ્ઞા એ જ ધર્મ' ગણી નિશદિન, ભક્તિ મગન સદાય રે,
'નિશદિન નયનમાં નીંદ ન લેતા,
નર નારાયણ થાય,' ભવજલ તરવાને.૫

'સમ્યક્ દર્શન એ જ છાપ છે' એમ વદ્યા લઘુરાય રે,
'અન્ય છાપની અવશ્ય ન કાંઈ,'
પૂજ્યશ્રી વિષે કહાય, ભવજલ તરવાને.૬

'ધર્મમાર્ગ'ની કરી સોંપણી, સકળ સંઘ વચમાંય રે,
'તને ધર્મ સોંપુ છું' પ્રભુએ,
કહ્યું ખાનગી માંય, ભવજલ તરવાને.૭

ભવ્યજીવોને મંત્રની દીક્ષા, આપવા આજ્ઞા થાય રે,
તદ્ અનુસારે વર્તી પૂજ્યશ્રી,
તરવા કરી સહાય, ભવજલ તરવાને.૮

પ્રભુશ્રીની સેવામાં નિશદિન, શાસ્ત્રાધ્યયન થાય રે,
સર્વ શાસ્ત્રના સાર રૂપે આ,
'પ્રજ્ઞાવબોધ' રચાય, ભવજલ તરવાને.૯

ગુરુભક્તિની છૂટે લહેરીઓ, 'પ્રજ્ઞાવબોધ'ની માંય રે,
આશ્ચર્યકારક આ રચનાનો,
જોટો નહી જગમાંય, ભવજલ તરવાને.૧૦

દશા પૂજ્યશ્રી સ્વયં પ્રકાશે, અભેદરૂપે ખાસ રે,
'સદ્‌ગુરુ સ્વરૂપ અભેદ અંતરે,
અતિ અતિ પ્રગટ પ્રભાસ,' ભવજલ તરવાને.૧૧

ભવ્યો ચાહો મોક્ષ સુખદ તો, કરો ભક્તિ ગુરુરાય રે,
પૂજ્યશ્રીએ કર્યો જીવનમાં,
એ પુરુષાર્થ સદાય, ભવજલ તરવાને.૧૨

હતા સંત આદર્શ પૂજ્યશ્રી, રોમ રોમ ગુરુરાય રે,
છે આધાર સુબોધ આપનો,
સરળ અતિ જગમાંય, ભવજલ તરવાને.૧૩

તુજ ઉપકારો નહિ વીસરાયે, આ ભવ માંહી લગાર રે,
'ઉપકારી કો નહીં વીસરીએ,
યેહિ ધર્મ અધિકાર,' ભવજલ તરવાને.૧૪

તુજ આજ્ઞાથી ગુરુરાજના, ગુણો સદા હું ગાઉં રે,
ભવ્ય જીવના ભવથી તારક,
રાજપ્રભુ ને ધ્યાઉં, ભવજલ તરવાને.૧૫

---

## આંસુ ગિર ગિર જાતે હૈ

(રાગ– રાજ સમર તું, રાજ સમર તું રાજ હૃદયમાં રાખીને)

આજ સપ્તમી દિવસ તુમારી, પલ પલ યાદ દિલાતા હૈ,
ગુણ-સ્મરણ હી અહો આપકા, હમકો અધિક રુલાતા હૈ,
કિસસે કહું હૃદય કી પીડા, કહાં સાંત્વના પાઉં મૈં,
તીવ્ર આપકી વિરહ અગ્નિ મેં, જલતા હું અકલાઉં મૈં...૧

છોડ લોક-સંસર્ગ આપને બ્રહ્મચર્ય-વ્રત ધારા થા,
પરમ મંત્ર લેકર પ્રભુજીસે, રાજ શરણ સ્વીકારા થા,
ભવ-તન-ભોગ વિરક્ત આપ થે, જ્ઞાનધ્યાનમેં તત્પર થે,
સાધક યોગ્ય સમસ્ત ગુણોંકે આપ અલૌકિક શુભ ઘર થે...૨

ગુરુ સેવામાં અહો આપને કિયા સમર્પણ નિજી જીવન,
અંત સમય તક ઉસમેં રહકર, છોડા થા નશ્વર યહ તન,
માલા ઔર મૌન કો તુમને, તનમનસે અપનાયા થા,
આગત સર્વ મુમુક્ષુ જનોંકો, સદ્ગુરુ મંત્ર સુનાયા થા...૩

ધન્ય ધન્ય હે ! બ્રહ્મચારીજી, ધન્ય આપકી સમતા કો,
ધન્ય આપકા ત્યાગ અલૌકિક, ધન્ય આપકી ક્ષમતાકો,
રાજ ભક્તિમેં રહકર અપના સારા સમય બિતાતે થે,
હૈ મનુષ્યભવ દુર્લભ અતિશય સબકો યહ બતલાતે થે...૪

જીવનકા વિશ્વાસ નહીં કુછ કરો મરણકી તૈયારી,
અમર નહીં હૈ કોઈ યહાં પર તનધારી વૈભવધારી,
ઐસા શુભ અવસર નર જગમેં બાર બાર નહિ પાતા હૈ,
જો ન ચેતતા હૈ નિજ મનમેં વહ પીછે પછતાતા હૈ...૫

ભાવપૂર્ણ વાણી દ્વારા તુમ, યહ ઉપદેશ સુનાતે થે,
ભવદવસેં દુઃખિત જીવોંકો શાંતિમાર્ગ સમજાતે થે,
બિતે હુએ પ્રસંગ અનેકોં જબ જબ સ્મૃતિમેં આતે હૈ,
તબ ઈન આંખોમેંસે સત્વર આંસૂ ગિર ગિર જાતે હૈ...૬

ગા ગા કર હમ ગીત મનોહર ભક્તિ ભાવ દિખલાતે હૈ,
સમજ નહીં પડતી હૈ હમકો યહ રોના યા ગાના હૈ,
હૃદયભાવ દર્શિત કરનેકો, શબ્દ એક ભી પાસ નહિ,
છોડ અચાનક હમકો દુઃખમેં, કિયા સ્વર્ગ મેં વાસ કહીં...૭

---

## એ તો પ્રભુજી !

(રાગ– આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને)

એ તો પ્રભુજી ! એ તો લઘુજી !
એ તો સાચા રાજના દાસ અહો ! બ્રહ્મચારીજી,
સત્પુરુષના દાસના દાસ બાલ ગોવર્ધનજી.
પ્રભુજી જોડે માનને મોડે ભક્તરૂપે આદર્શ રે,
ચિત્ત પ્રસન્ને વિનીત વચને,
સેવ્યાં દ્વાદશ વર્ષ, અહો ! બ્રહ્મચારીજી. ૧

તત્વજ્ઞાન ને મંત્રારોપણ આજ્ઞાએ પ્રથમથી રે,
તેનીજ આજ્ઞા આપી અંતે,
આરાધી તનમનથી, અહો ! બ્રહ્મચારીજી. ૨

મુમુક્ષુ મંડલ વૃદ્ધિ પામ્યું આશ્રમ બન્યું અભિરામ રે,
નામ આપનું સાર્થક તેથી,
શ્રી ગોવર્ધનરામ, અહો ! બ્રહ્મચારીજી. ૩

પરમકૃપાળુના ભક્તિસ્થાનો પ્રભુજીની આજ્ઞાએ રે,
ઠામોઠામે સ્થપાયાં ત્યાં,
સુહાય આપ કૃપાએ, અહો ! બ્રહ્મચારીજી. ૪

પ્રભુશ્રીજીના પગલે પગલે ઉપબૃહણા બહુ કીધી રે,
ઝીલી જીરવી પ્રભુદશાને,
સાચી સાધના લીધી, અહો ! બ્રહ્મચારીજી. ૫

સતત સત્પુરુષાર્થે આપે નિવૃતિમાર્ગ નિહાળ્યો રે,
સુધર્મ પમાડી ભવ્યજીવોને,
શાશ્વતમાર્ગ ઉજાળ્યો, અહો ! બ્રહ્મચારીજી. ૬

સત્શ્રુતની અતિ સેવા કરવા મનમાં સદા વિચાર રે,
'અધ્યાત્મપ્રેમી' રહી પ્રકાશ્યા,
ગ્રંથો વિવિધ પ્રકારે, અહો ! બ્રહ્મચારીજી. ૭

માર્ગ સ્થપાયો વેગ અપાયો પ્રભુજીના સહવાસે રે,
વર્ષ અઢાર એકલા ઝુઝ્યા,
સ્થિર કરવાના પ્રયાસે, અહો ! બ્રહ્મચારીજી. ૮

ફરજ બજાવી જીવન વિતાવી ત્વરરિતગતિ દર્શાવી રે,
કાઉસગ્ગમુદ્રા અંતસમયની,
સમાધિ ભાવે સુહાવી, અહો ! બ્રહ્મચારીજી. ૯

સદ્ગુરુ-સંગે મુમુક્ષુ રંગે સ્વપરહિત આદરજો રે,
સત્ય સનાતન ધર્મ આરાધી,
જગમાં જય જય કરજો, અહો ! બ્રહ્મચારીજી. ૧૦

---

# સ્વીકારો અંજલી સૌની

(અનુષ્ટુપ)

સનાતન મુક્તિનો માર્ગ ઉદ્ધાર્યો જે કૃપાળુએ,
બોધ્યો, સ્થાપ્યો લઘુરાજે, વિસ્તર્યો આપના બલે,

છતાં યે સર્વથા આપ શમાયા સંતના પદે,
ગણી કૈં ના અવજ્ઞાને, કષ્ટો કે અપમાન ને,

કિંતુ સત પરમાનંદે ઝીલ્યા સૌને ઝીલાવિયા,
પ્રભુ ભક્તિ ભર્યા હૈયે, પવિત્ર પ્રેમ મૂર્તિ હે!

અમારા સર્વના હૈયાં ઉજાળો હે દયાનિધિ!
સ્વીકારો અંજલિ સૌની, સમાધિ-બોધિના નિધિ.

## સુબોધ-સ્મરણાંજલિ

(અનુષ્ટુપ)

વસુ, વ્યોમ, નભ, નેત્ર શુભ વિક્રમ હાય ને,
વસ્યો સદ્‌ભાગ્ય યોગે હું, પરશાંત તપોવને.

પૂજ્યશ્રી મુખ-હિમાદ્રી-ગુહાથી અઘહારિણી,
ત્રિતાપમોચિની, સર્વ કષાયોરગ-વૈરિણી.

સ્વાનુભવે સ્વયંસિદ્ધા રાજવાણી-વિવેચની,
વિરાગવર્ધિની એવં કષાયમલ-રેચિની.

મોક્ષમાર્ગ પ્રકાશિની, રાજ શ્રદ્ધા-વિવર્ધિની,
આવિર્ભૂતા થઈ બોધ જાહ્‌નવી ભવમર્દિની.

બોધ મંદાકિની-નીર ભરવા પત્ર-ભાજને,
થઈ રાજકૃપાયોગે સ્વયંભૂ સ્ફૂરણા મને.

મહાપુણ્ય, કૃપાયોગે, પૂજ્યપાદ-પદે વસી,
બોધદાતા તણી આજ્ઞા કરીને પ્રાપ્ત,ઉલ્લસી.

યથાશક્તિ કરો યત્ન, કાળજી હૃદયે ધરી,
બોધપીયૂષ-ધારા આ પત્રપાત્ર વિષે ભરી.

રાજ અંકે તજી દેહ, રાજમંદિર-સ્થાનમાં,
સમાધિસ્થ થયા પૂજ્ય, કાયોત્સર્ગ સુધ્યાનમાં.

બે હજાર દશ વર્ષે, કાર્તિકી સુદ સાતમે,
બોધગંગા સમાધિના સાગરે જઈ વિરમે.

ત્રિવિધ તાપ-અગ્નિથી અતિ સંતપ્ત જીવને,
કોણ અર્પે હવે શાંતિ ભીમ સંસાર-કાનને.

બોધનીર ભરી રાખ્યું તે જ આધાર છે હવે,
રાજ શ્રદ્ધા કરી તેથી પામું શાંતિ ભવે ભવે.

અહો ! શ્રી બ્રહ્મચારીજી, આપે આ બાલ ઉપરે,
ઉપકારો કર્યા જે જે સ્વયં તે સૌ સ્ફૂર્યા કરે.

પ્રત્યુપકાર-શક્તિ ના, નથી નાથ સ્મૃતિ ભલી,
છતાં કિંચિત્ ભવત્પાદે, સમર્પું સ્મરણાંજલિ.

---

